## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મેનેજર સાહેબ, મારુ ઘર સાફ રાખે છે તે ઘાટીને લાવી છું, તે તમારા કિચનની ચોખ્ખાઈ એપ્રુવ કરશે. બાદમાં હુ મારો ડીનરનો ઓર્ડર કરીશ...!!!

### ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા

# આજે સેકટર-૧૬ના રંગમંચ ખાતે સ્નેહમિલનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૮

ભાજપા ગાંધીનગર મહાનગર દ્વારા આજે તા.૯ મી નવેમ્બર શનિવારના રોજ સાંજે ૫ કલાકે રંગમંચ સેકટર-૧૬ ખાતે લોક સાહિત્યકાર રાજભા ગઢવી(રાજા ચારણ)ની બુલંદ ગાયકી અને દેશ-દાજની વાતોનાં ડાયરાનું આયોજન કરાયું છે.

શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલના જણાવ્યા મુજબ ભાજપા મહાનગર દ્વારા સૌને દિપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભકામના પાઠવવાનાં શુભ આશયથી યોજાનાર આ સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે મહેસુલ મંત્રી કૌશીકભાઈ પટેલ સહિત અન્ય વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગાંધીનગરના સર્વે નગરજનો સ્વેચ્છિક સંસ્થાઓ, સામાજીક આગેવાનો, ધાર્મિક સંસ્થાઓ તથા શુભેચ્છકોને આ કાર્યક્રમમાં હાજર રહેવા જણાવાયુ છે. વધુમાં આ સ્નેહમિલન સમારોહ કાર્યક્રમને અંતે સ્વરૂચી ભોજન રાખવામાં આવ્યું છે.

# રાજ્યની આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી જાહેર રજાના દિવસોમાં રાબેતા મુજબ રજા પાળશે

ગાંધીનગર, તા. ૮

રાજ્ય સરકારની સૂચના અનુસાર નાગરિકોના હિતમાં તા. ૨૨-૯-૨૦૧૯ (રવિવારથી) શનિવાર અને રવિવાર તથા અન્ય જાહેર રજાઓના દિવસોએ તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીઓ ચાલુ રાખવામાં આવી હતી. જે અન્વયે રાજ્ય સરકારની સુચના મુજબ હવેથી આગામી તા. ૧૦/૧૧/૨૦૧૯(રવિવાર)ની જાહેર રજાથી આવતો બીજો અને ચોથો શનિવાર તથા તમામ રવિવાર તેમજ અન્ય જાહેર રજાઓના દિવસોએ તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીઓ રાબેતા મુજબ રજા પાળશે/કચેરીઓ બંધ રહેશે, જેની નાગરિકોએ નોંધ લેવા વાહન વ્યવહાર કમિશનરશ્રીની યાદીમાં જણાવાયું છે.

### તમામ ૩૩ જિલ્લાઓમાં વિરોધ થશે

# ૧૧મીથી જુદા જુદા મુદા પર કોંગ્રેસ દેખાવ કરશે

અમદાવાદ, તા. ૮

એનડીએ સરકારની નિષ્ફળ રહેલી આર્થિક નીતિઓના વિરોધમાં કોંગ્રેસ પાર્ટી રાષ્ટ્રવ્યાપી આંદોલન કરવાના મુડમાં દેખાઈ રહી છે. આના ભાગરુપે ગુજરાત કોંગ્રેસ દ્વારા પણ શ્રેણીબદ્ધ કાર્યક્રમોની જાહેરાત કરી દેવામાં આવી છે જેના ભાગરુપે ૧૧મી નવેમ્બરથી કાર્યક્રમોની શરૂઆત થશે. આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આ આયોજન કરવામાં આવશે. તમામ ૩૩ જિલ્લાઓના હેડક્વાર્ટર અને આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધ પ્રદર્શનની તૈયારી કરવામાં આવી ચુકી છે. ખેડૂતો, યુવાનો અને મહિલાઓને આમા આવરી લેવામાં આવશે.

વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ કહ્યું છે કે, વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકારની જુદી જુદી નીતિઓના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. આર્થિક નીતિઓના કારણે અર્થશાસ્ત્રીઓની હાલત કફોડી બનેલી છે. આર્થિક મંદીના લીધે બેરોજગારીની સમસ્યા દિનપ્રતિદિન વધુને વધુ ગંભીર બની રહી છે.

# શિયાળો નજીક આવતા શાકભાજીના ભાવો કાબુમાં

## ડુંગળી અને લસણ સિવાય તમામ શાકભાજીના ભાવોમાં ૩૦ થી ૪૦ ટકાનો ઘટાડો : શાકમાર્કેટ રંગબેરંગી શાકથી ઉભરાયુ

ગાંધીનગર, તા. ૮

ચોમાસા દરમ્યાન આસમાને પહોંચેલા શાકભાજીના ભાવો ધીમે ધીમે કાબુમાં આવતા રસોડાની રોનક વધી રહી છે. જોકે ડુંગળી અને લસણના ભાવો હજુ આસમાને છે. અન્ય શાકભાજીઓના ભાવોમાં સારો એવો ઘટાડો આવતા ગૃહિણીઓ ખુશખુશાલ બની છે.



આ વર્ષે ગુજરાત સહિત દરેક પ્રદેશમાં વરસાદ ખુબ વરસ્યો. વરસાદી વાતાવરણ સતત રહેવાની સાથે ખેતરોમાં પાણી ભરાઈ રહ્યા. ચોમાસાના આખરી રાઉન્ડમાં ચારેબાજુ જળબંબાકાર રહેતા શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા હતા. માંગની સામે પુરવઠો ખૂબ ઓછો રહેતા શાકભાજીના ભાવો ૮૦ થી ૧૦૦ રૂ. કીલોએ પહોંચી ગયા હતા. વળી શાકભાજીની આવકો ઓછી રહેતા બજારોમાં માંડ ચાર-પાંચ શાક જોવા મળતા હતા. વળી પૈસા ખર્ચવા છતાં જોઈએ તેવુ શાક મળતુ ન હતુ.

નવરાત્રી સુધી વરસાદ વરસ્યો હતો. નવરાત્રી બાદ ઉઘાડ નીકળતા ખેડૂતોએ શાકભાજીનું વાવેતર કર્યુ હતુ. દોઢેક માસ બાદ હવે શાકભાજીનો સારો એવો ઉતાર થયો છે. દૂધી, ભીંડા, રીંગણા, ફુલાવર સહિતની વિવિધ શાકભાજી મોટાપાયે બજારોમાં આવી રહી છે. જેના કારણે ભાવો કાબુમાં આવ્યા છે. ૬૦ થી ૮૦ રૂ. કિલો મળતી શાકભાજી હવે ૪૦ થી ૫૦ રૂ. કિલોના ભાવે મળતી થઈ છે. અન્ય શાકની સાથોસાથ હવે શિયાળાની સ્પેશ્યાલીટી ગણાતી લીલી ડુંગળી અને પાલક, મેથી, તાંદળજો જેવી ભાજી પણ હવે બજારોમાં દેખાઈ રહી છે.

જો કે હજુ ડુંગળી અને લસણના ભાવો કાબુમાં આવ્યા નથી. ડુંગળી ૧૦૦ રૂ. કીલો અને લસણ ૨૦૦ રૂ. કીલોના ભાવે બજારોમાં મળી રહ્યું છે. બટાકાના ભાવો પણ હજુ થોડાક ઉંચા છે. ગૃહિણીઓ ડુંગળી અને લસણ સીવાયની અન્ય શાકભાજીની છુટા હાથે ખરીદી કરી રહી છે. આગામી દિવસોમાં હજુ શાકભાજી વધુ સસ્તી થવાની સંભાવના છે. શાકભાજીના ભાવો કાબુમાં આવતા રસોડાની રોનક વધી છે.

# સસ્પેન્ડ કરાયેલા IAS ગૌરવ દહિયાને પોલીસની ક્લિનચીટ

## સાઇન્ટિફિક પુરાવા અને અન્ય કારણથી દિલ્હી પોલીસની ક્લીનચીટ : સસ્પેન્શન રદ કરવા અંગે ટૂંકમાં નિર્ણય થશે

અમદાવાદ, તા. ૮

સસ્પેન્ડેડ આઈએએસ ગૌરવ દહિયાને દિલ્હી પોલીસે ક્લિનચીટ મળી હોવાની વિગતો સામે આવી રહી છે. તો આ સમગ્ર પ્રકરણમાં બાળકી પણ દહિયાની ન હોવાનું અને મહિલા પરિણીત હોવાની વાત સામે આવી રહી છે. દિલ્હીમાં લીનુસિંહ નામની મહિલાએ ગુજરાત કેડરના આઈએએસ અધિકારી સામે પરિણીત હોવા છતાં લગ્ન કરીને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ કરી હતી. આ સંદર્ભે ગુજરાત સરકાર દ્વારા નિર્મિત તપાસ કમિટીએ રિપોર્ટ આપ્યો અને ત્યારબાદ ગૌરવ દહિયાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. રિપોર્ટમાં બાળકી દહિયાની નહી હોવાનું સામે આવ્યું છે, જ્યારે આરોપ લગાવનાર લીનુસિંહ પરિણીત હોવાનો ખુલાસો થયો છે. જ્યારે દિલ્હી પોલીસના રિપોર્ટ મળ્યા બાદ ગૌરવ દહિયાનું સસ્પેશન રદ્દ કરવું કે નહીં તેનો જીએડી નિર્ણય લેશે. આ સમગ્ર મામલામાં દિલ્હી પોલીસે ગૌરવ દહિયાને ક્લિનચીટ આપી હોવાની વિગતો સામે આવી છે. જે અંગે ગૌરવ દહિયાએ જણાવ્યું હતું કે, મને દિલ્હી પોલીસ તરફથી ક્લિનચીટ મળી ગઈ છે તેમજ સાઈન્ટિફિક પુરાવા અને અન્ય કારણસર મને ક્લિનચીટ મળી છે. આ અંગે મને દિલ્હી ડીસીપી કક્ષાના અધિકારી તરફથી જાણ થઈ છે અને તેના કાગળ પણ મારી પાસે આવી ગયા છે.

આરોગ્ય વિભાગના કમિશનર અને ગુજરાતના સિનિયર આઈએએસ દહિયા સામે દિલ્હીની મહિલાએ સ્થાનિક વિમેન સેલમાં ગંભીર આક્ષેપો સાથે અરજી કરી હતી. મહિલાએ તેમાં જણાવ્યું હતું કે, દહિયા પરણિત હોવા છતાં તેમણે તેને બીજા લગ્ન કરવા દબાણ કરીને છેતરપિંડી કરી હતી. એટલું જ નહીં, એક દિવસ અધિકારીએ સોફ્ટ ડ્રિન્ક પીવડાવી અર્ધબેભાન કરી તેના બિભત્સ ફોટા-વીડિયો ઉતારી તેને વાયરલ કરવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી લગ્ન માટે દબાણ કર્યું હતું.

# ડીવાયએસપી ભરવાડ અંતે એસીબી સમક્ષ હાજર થયા

છેલ્લા ત્રણ માસથી ફરાર ડીવાયએસપી જે.એમ.ભરવાડ આખરે એસીબી સમક્ષ હાજર થયા છે. જેતપુરના ડીવાયએસપી જે.એમ. ભરવાડ રાજકોટ એસીબી સમક્ષ હાજર થતાં પોલીસ તંત્રમાં પણ ભારે ચર્ચા ચાલી હતી. સુપ્રીમ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવ્યા બાદ જે.એમ. ભરવાડ હાજર થઈ પોતાનું નિવેદન નોંધાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ત્રણ માસ પહેલા અમદાવાદ એસીબી દ્વારા કોન્સ્ટેબલ વિશાલ સોનારાને આઠ લાખ રૂપિયાની લાંચની રકમ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. જેમાં સહ આરોપી તરીકે જેતપુરના ડીવાયએસપી ભરવાડનું નામ પણ ખૂલ્યું હતું. છેલ્લા ત્રણ માસથી તેઓ ફરાર હતા ત્યારે બે દિવસ પૂર્વે સુપ્રીમ કોર્ટ દ્વારા આગોતરા જામીન મંજૂર કરતાં તેઓ એસીબી સમક્ષ હાજર થયા હતા. હથિયારના ગુનામાં પકડાયેલા આરોપીને માર નહી મારવા તેમજ વધુ પૂછપરછ નહી કરવા માટે રૂ.૧૦ લાખની માગણી કરી હતી. બાદમાં આઠ લાખ આપવાનું નક્કી થયું હતું. કોન્સ્ટેબલ વિશાલ સોનારાએ આઠ લાખની રકમ મેળવી હતી. જે રોકડ રકમ સાથે અમદાવાદ એસીબીએ ત્રણ માસ પૂર્વે તેની ધરપકડ કરી હતી. બાદમાં ડીવાયએસપી જે.એમ.ભરવાડનું નામ ખૂલતાં તેઓ નાસતા ફરતા રહ્યા હતા. તેમને સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટમાંથી પણ આગોતરા જામીનમાં રાહત નહી મળતાં છેવટે તેમણે સુપ્રીમકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી, જેમાં સુપ્રીમકોર્ટે ભરવાડને રાહત આપતાં તેમના આગોતરા જામીન મંજૂર કર્યા હતા.

# અકસ્માતે "મા" ગુમાવનાર બાળવાનરને મહિલા વનકર્મીની "મમતા"એ નવજીવન બક્ષ્યુ..!!

ગાંધીનગર, તા. ૮

માનવી હોય કે પ્રાણી હોય, એક ઉમંર સુધી દરેકને એક હૂંફની જરૂર પડે છે. પછી તે હૂંફ મા-બાપની હોય કે સગા-સંબંધીની હોય, શિક્ષકની હોય કે સખાની હોય, સહચર્યોની હોય કે સમાજની હોય... ગાંધીનગરમાં બે દિવસ પહેલા એવી ઘટના બની જેમાં એક વાનર બચ્ચું "અનાથ" થઈ ગયું પરંતુ આ સ્થિતિ તેને માટે લાંબો સમય દુઃખદાયી ના રહી, કેમકે તેને સમયસર મળેલી લાગણીસભર હૂંફ અને તેના આધારે મળેલી પોતાના સમાજની સ્વીકૃતિએ બચ્ચાંને ફરી કિલ્લોલ કરતું નવજીવન બક્ષી દીધું છે.



પાટનગરનો "જ" માર્ગ ખૂબજ વનરાજીથી ઘેરાયેલો છે તેથી અહીં વન્ય પ્રાણીઓની રોડ પર અવરજવર પણ સામાન્ય છે. આ સ્થિતિમાં અહીં ઘણીવાર ઓવરસ્પીડે દોડતા વાહનોની ટક્કરે કૂતરાં, વાનર, સસલાં, નીલગાય, સર્પ સહિતના વન્યજીવો ઘાયલ થઈ જાય છે અથવા મોતને ભેટે છે. આવી જ એક ઘટનામાં બે દિવસ પહેલા સવારના સમયે કોઈ અજાણ્યા વાહનની હડફેટે ચઢી ગયેલ એક માદા વાનરનું ઘટનાસ્થળે કરૂણ મૃત્યુ નીપજ્યું હતુ પરંતુ સદ્નસીબે તેનું વાનરબાળ બચી જવા પામ્યું હતું જે પોતાની માતાના મૃત શરીરને પુનઃ જાગૃત થવાની આશામાં ચિપકીને છોડવા તૈયાર નહોતુ. બરાબર ઈન્દ્રોડા નેચર પાર્કના દરવાજા નજીક બનેલી આ ઘટનાની જાણ પાર્કમાં થતા પાર્કમાં નેચર એજ્યુકેટર તરીકે ફરજ બજાવી રહેલા અનુભવી પ્રકૃતિપ્રેમી કર્મચારી વન્ય જીવો પ્રત્યેની અનુકંપા ધરાવતા કુસુમબેન સુથાર ઘટનાસ્થળે દોડી આવ્યાં હતા અને તેમણે હિંમતભેર બાળવાનર જે કોઈને પોતાની નજીક નહોતુ આવવા દેતુ તેને પોતાના મમતાભર્યા સ્પર્શથી દુપટ્ટામાં લપેટી છાતી સરસુ ચાંપી દીધું હતુ. બાળ વાનરને પણ ઘડીભર જાણે એક નવી માતા મળી ગઈ હોય તેવી હૂંફનો અહેસાસ થતાં તેણે રાહત અનુભવી હતી. આ દરમ્યાન ઉપસ્થિત વ્યક્તિઓએ સરકારની અબોલ જીવો માટેની એનિમલ હેલ્પલાઈન "કરૂણા"ને જાણ કરી હતી. જો કે કરૂણા હેલ્પલાઈનના કર્મચારીઓએ બાળવાનરને વન વિભાગ પાસે લઈ જવા સલાહ આપતા તુરંત તેને વનચેતના કેન્દ્ર લઈ જવામાં આવ્યું હતું. વનચેતના કેન્દ્રના કર્મચારીઓએ કુસુમબેનને જણાવ્યું કે અહીંના પાંજરામાં આ બાળ વાનર માટે સલામતી ઓછી રહેશે અને અહીં કૂતરાઓનો ભય છે તેથી અહીં રાખવુ જોખમી છે, આ જાણી કુસુમબેન બાળવાનરનું શું કરવું તેની દ્વિધા અનુભવતા પોતાની સાથે ઈન્દ્રોડા પાર્ક લઈને પરત ફર્યા હતા.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં લાવી તેમણે બાળવાનરને ખોરાક-પાણી આપ્યાં અને તેમની પાસે "સલામતી" અનુભવી રહેલા બાળ વાનરને પોતાની આસપાસ રાખ્યું હતું. વર્ષોથી પ્રકૃતિ ઉદ્યાનમાં કાર્યરત હોવા સાથે પોતે ઉચ્ચ વન અધિકારીના પુત્રી પણ હોવાથી આ પ્રકારની ઘટનાઓથી વાકેફ હતા તે કુનેહને આધારે થોડીકવાર પછી પાર્કમાં આવી ચઢેલ વાનરવૃંદ પાસે આ બાળવાનરને છુટું મુક્યું હતું. થોડીવારમાં બે વાનરે આ બાળવાનરને નિઃસાહય જોઈ મમતા દાખવી તેની પાસે જઈ વ્હાલ કર્યુ અને જોતજોતામાં તો આ બાળવાનર પણ પોતાના "સમાજ"ના સમૂહ સાથે સ્નેહથી ભળી ગયું અને 'ગેલ' કરવા લાગ્યું હતુ. આ દ્રશ્ય જોઈ કુસુમબેન સહિત બાળવાનરને બચાવવા જોડાયેલા સૌ કોઈની આંખ ભીની થઈ ગઈ હતી અને ધીમે ધીમે વાનરવૃંદે ત્યાથી બચ્ચાને પોતાના વૃંદમાં સમાવી સાથે લઈને વિદાય લીધી હતી. આ ઘટનાએ અબોલ પ્રાણીઓમાં પણ "પોતાના" જ્યારે વિકટ પરિસ્થિતિમાં હોય ત્યારે તેનો "સ્વીકાર" કરી "હૂંફ" આપવાની "સામાજિક જવાબદારી" ભરી સમજણ છે તેની પ્રતિતી કરાવી હતી અને આપણે બુદ્ધિશાળી પ્રાણી કહેવાતા માનવો આવી પરિસ્થિતિ કોઈ માનવી સાથે બને ત્યારે શું કરીએ છીએ તે વિચારવા પ્રેરિત કર્યા હતા.

# જુનિયર નેશનલ એથ્લેટીક્સ સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓ ઝળક્યા

## આંધ્રપ્રદેશ ખાતે યોજાયેલ સ્પર્ધામાં રાજ્યના ખેલાડીઓ ૩ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૪ બ્રોન્ઝ સહિત કુલ ૧૫ મેડલ વિજેતા

ગાંધીનગર, તા. ૮

રાજ્યના યુવા ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરે પોતાનું નામ રોશન કરી ગુજરાતને ગૌરવ અપાવે એ માટે રાજ્ય સરકાર દ્વારા ખેલાડીઓને વૈજ્ઞાનિક ઢબે તાલીમ સહિત આનુષાંગિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. જેના પરિણામે ગુજરાતના ખેલાડીઓ ગુજરાતને ગૌરવ અપાવી રહ્યા છે એમ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની યાદીમાં જણાવાયું છે.

તા. ૨ થી ૬ નવેમ્બર સુધી આંધ્રપ્રદેશના ગુન્ટૂર ખાતે ૩૫મી જુનિયર નેશનલ એથ્લેટીક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ભારતભરમાંથી ૨૫૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગુજરાતના ખેલાડીઓએ ૩ ગોલ્ડ મેડલ સહીત કુલ ૧૫ મેડલો મેળવી ગુજરાતમાં ઈતિહાસ રચ્યો છે. આ અગાઉ એથ્લેટીક્સની જુનિયર નેશનલ ચેમ્પિયનશીપમાં ક્યારેય ગુજરાત ટીમને આટલા મેડલો પ્રાપ્ત થયા નથી. ગત વર્ષે આ સ્પર્ધામાં ગુજરાતને કુલ ૮ મેડલ મળ્યા હતા જેની તુલનામાં હાલ ૩ ગોલ્ડ મેડલ, ૮ સીલ્વર મેડલ અને ૪ બ્રોન્ઝ મેડલ સહીત કુલ ૧૫ મેડલ મેળવ્યા છે, જે રાજ્યનું ગૌરવ છે.

ગુજરાતના આ ખેલાડીઓ ગુજરાત સરકારની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત ડી.એલ.એસ.એસ. તથા નડિયાદ અને દેવગઢ બારિયા મુકામે ચાલતી એથ્લેટીક્સ એકેડમીના ખેલાડીઓ છે. જેઓને રહેવા-જમવા તથા અદ્યતન સુવિધાથી સજ્જ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં એક્સપર્ટ કોચ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે. ઉપરાંત અભ્યાસ, સ્પોર્ટ્સ કીટ, મેડીકલ તથા સ્ટાઈપેન્ડ જેવી સુવિધા પણ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પૂરી પાડવામાં આવે છે. વિજેતા ખેલાડીઓની વિગત આ મુજબ છે.

| ખેલાડી નું નામ | વય જૂથ | ઈવેન્ટ | આંક | સિદ્ધિ |
|---|---|---|---|---|
| અતુલ ગામીત | U-૧૮ | ૨૦૦૦ મી સ્ટીપલચેઝ | ૫:૪૯.૨૦ સે. | ગોલ્ડ મેડલ |
| ધવલ ઉતેકર | U-૨૦ | ૪૦૦ મી. વિઘ્ન | ૫૧.૩૬ મી. | ગોલ્ડ મેડલ |
| સાંડેલીયા લક્ષીતા | U-૧૬ | ૮૦૦ મી. | ૨:૧૩.૮૨ સે. | ગોલ્ડ મેડલ |
| જમોડ પાયલ | U-૧૬ | હાઈ જમ્પ | ૧.૬૨ મી. | સિલ્વર મેડલ |
| ટીમ્બડીયા મૈસુરી | ે-૧૮ | પોલવોલ્ટ | ૩.૨૦ મી. | સિલ્વર મેડલ |
| ધવલ સોલંકી | U-૨૦ | ડેકેથ્લોન | ૬૧૮૨ પોઈન્ટ | સિલ્વર મેડલ |
| જયરામ ચૌધરી | ે–૧૮ | ડેકેથ્લોન | ૫૯૧૩ પોઈન્ટ | સિલ્વર મેડલ |
| કૌશિક જાદવ | U-૧૮ | હાઈ જમ્પ | ૨.૦૧ મી. | સિલ્વર મેડલ |
| જીગર ચૌહાણ | U-૧૪ | ૬૦૦ મી. | ૧:૨૫.૪૮ સે. | સિલ્વર મેડલ |
| વંદના મોરી | U-૧૮ | ૨૦૦૦ મી સ્ટીપલચેઝ | ૭:૨૩.૭૩ સે. | સિલ્વર મેડલ |
| દ્રષ્ટિ ચૌધરી | U-૧૮ | ૩૦૦૦ મી. | ૯:૫૦.૦૦ સે. | સિલ્વર મેડલ |
| રોહિત યાદવ | U-૧૬ | ૫૦૦૦ મી. વોક | ૨૧:૫૧.૨૩ સે. | બ્રોન્ઝ મેડલ |
| અમીષા સોલંકી | U-૧૮ | જેવેલીનથ્રો | ૩૯.૯૨ મી. | બ્રોન્ઝ મેડલ |
| નીતેશ રાઠવા | U-૨૦ | ૧૦૦૦૦ મી. | ૩૧:૨૭.૬૯ સે. | બ્રોન્ઝ મેડલ |
| સુનીલ જોલીયા | U-૧૮ | ૨૦૦૦ મી સ્ટીપલચેઝ | ૬:૦૩.૦૦ સે. | બ્રોન્ઝ મેડલ |

# રાજભવન લોકોથી દૂર નહીં પણ લોકો માટે, લોકોની નજીક છે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

## રાજ્યપાલશ્રીએ અમદાવાદની પ્રતિષ્ઠિત ન્યુ ક્લોથ માર્કેટની મુલાકાત લઇને વેપારી સમુહને નવા વર્ષની શુભેચ્છા પાઠવી

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતએ જણાવ્યું કે, રાજભવન લોકોથી દૂર નહીં પણ લોકો માટે લોકોની નજીક હોવું જોઈએ એ પ્રકારના કાર્યોથી લોકોની વચ્ચે સમરસતા, ભાઈચારો અને એક્તા વધે છે, જેનાથી સમરસ સમાજનું નિર્માણ થાય છે.

જણાવ્યુ હતું કે, ગુજરાતમાં ખેડૂતોની વચ્ચે જઈને તેમને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



ભાવના સાથે અમદાવાદ ખાતેના ન્યુ ક્લોથ માર્કેટમાં તમામ વેપારી સમુહને મળવાનો એક અવસર મળ્યો છે જેનાથી હું અતિ પ્રસન્ન છું. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે, વર્ષોથી તેઓ આ પરંપરાનું પાલન કરતા આવ્યા છે અને જ્યારે પણ સમય મળે ત્યારે જાહેર માર્કેટમાં વેપારી સમુહ અને લોકોની વચ્ચે જઈને તેમની સાથે સંવાદ કરી વિચારોનું આદાન-પ્રદાન કરે છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાજભવન દ્વારા એક પહેલરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે કે દર મહિને રાજ્યના કોઈપણ ગામડામાં સ્વચ્છતા અભિયાન કરી લોકોમાં જાગૃતિ લાવવામાં આવે. આ

યુવાનોના સંદર્ભમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આજની યુવા પેઢીએ નશા જેવા દુષણોથી દૂર રહેવું જોઈએ. યુવાનો આપણા રાષ્ટ્રની મહામૂલી મૂડી છે. આપણા યુવાનો જેટલા રાષ્ટ્રને સમર્પિત હશે એટલો ઝડપથી દેશનો વિકાસ થશે.

રાજ્યપાલશ્રીએ પોતાના મહત્વના જનઅભિયાન પ્રાકૃતિક ખેતી અંગે માહિતી આપતા આ સાથે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે તાલીમી કેન્દ્રો દ્વારા જરૂરી તાલિમ આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરશે તો પાકનું ઉત્પાદન વધશે. જેના કારણે ખેડૂતોને સારું મુલ્ય મળશે અને ખેડૂતોની આવક બમણી બમણી કરવાનું પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન પણ સાકાર થશે.


## જાહેર નિવિદા

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગાંધીનગર માટે વિવિધ યોજનાકીય કામગીરી માટે આઉટ સોર્સથી વાહન ભાડે રાખવા માટે વાહન સુવિધા (વાહન હાંકનાર સહિત) પુરી પાડતી એજન્સીઓ પાસેતી ૩૦૦૦ કી.મી. / માસની મર્યાદમાં ૦૭ સીટર (૨૦૧૯નું મોડલ) નોન એસી / એસી ગાડી માટે ભાવ પત્રકો મંગાવવામાં આવે છે. ઉપરોક્ત જરૂરિયાત મુજબના ભાવ પત્રકો તા. ૧૪/૧૧/૨૦૧૯ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરી ખાતે ફક્ત આર.પી.એ.ડી.થી જ મોકલવાના રહેશે. આર.પી.એ.ડી.ના કવર પર 'જાહેર નિવિદા માટે ભાવ પત્રક' લખવાનું રહેશે. સદર જાહેરાત અન્વયે મળેલ ભાવ પત્રકો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. જે તમામ એજન્સીઓને બંધનકર્તા રહેશે.

**કચેરીનું સરનામું :** જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી એ વિંગ, સાતમો માળ, પથિકાશ્રમની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર

તારીખ : ૧૪/૧૧/૨૦૧૯
સ્થળ : ગાંધીનગર

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### જાહેર નિવિદા નં.૨૧ અને ૨૬ સને ૨૦૧૮-૧૯ (ચોથો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, બી વીંગ, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા મા. અને મકાન વિભાગ તેમજ સિંચાઈ ખાતામાં / ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડમાં ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી અત્રેની કચેરી હસ્તકના (૧) દોલારાણા વાસણા ગામના અનુ.જાતિના મહોલ્લામાં પીવીસી પાઈપલાઈન નાખવાની કામગીરીના કામની અંદાજીત કિંમત રૂ. ૨,૨૫,૬૩૩.૪૦ તથા (૨) તા. ગાંધીનગરના વલાદ (પરમારપુરા)માં પંપરૂમ બનાવવાના કામની અંદાજીત કિંમત રૂ. ૮૯,૨૭૧.૮૯ માટે આવા કામો કરતી એજન્સીઓ પાસેથી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલ્ડ ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો માટે જરૂરી ઈ-૨ વર્ગમાં નોંધણા પ્રમાણપત્ર પાનકાર્ડ, સોલવંશી સર્ટીફિકેટની નકલો, જીએસટી નોંધણી પ્રમાણપત્ર અરજી સાથે ટેન્ડર ફી ટેન્ડર દીઠ રૂ. ૬૦૦.૦૦ અને ૩૦૦.૦૦ રજૂ કર્યેથી કોરા ટેન્ડર ફોર્મ આપવામાં આવશે. બાનાની રકમ પેટે રૂ. ૨૨૬૦.૦૦ તથા રૂ. ૯૦૦.૦૦ની એફડીઆર રૂપે આપવાની રહેશે. ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૮/૧૧/૨૦૧૯ તથા ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૭/૧૧/૨૦૧૯ રોજ રાખવામાં આવે છે. શક્ય હશે તો બીજા દિવસે ૧૨.૦૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. વધુ વિગતો કચેરી સમય દરમિયાન મળી શકશે.

ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦, ફોન નં. (૦૭૯) ૨૩૨૬૨૮૭૦

માહિતી/૧૪૫૧/૧૯-૨૦